# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-02-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. "પરીક્ષા પે ચર્ચા" ની 9મી આવૃત્તિમાં જીવનના સંપૂર્ણ વિકાસને લક્ષ્ય બનાવવા વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રીની હાકલ
2. વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી દિવસ દરમિયાન ખોરવાઇ
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લાની આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લીધી.
4. પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં આત્મઘાતી હુમલામાં 31 લોકો માર્યા ગયા
5. ICC અંડર-19 ક્રિકેટ વિશ્વકપની ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા 412 રનનો લક્ષ્યાંક આપ્યો.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM – PPC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિદ્યાર્થીનું લક્ષ્ય જીવનનો સંપૂર્ણ વિકાસ કરવાનું હોવું જોઈએ."પરીક્ષા પે ચર્ચા" ની 9મી આવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતાં પ્રધાનમંત્રીએ પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાની રીતો અંગે માહિતી આપી.

ગુજરાતની વિદ્યાર્થિની સાનવી આચાર્યએ પ્રધાનમંત્રી સવાલ કર્યો હતો કે શિક્ષક અને માતાપિતાની શીખવવાની પદ્ધતિ જુદી જુદી હોય ત્યારે મુંઝવણ ઊભી થાય છે. જેના જવાબમાં પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને તેમની પોતાની અનોખી શિક્ષણ પદ્ધતિઓ પર વિશ્વાસ રાખવાની સલાહ આપી.

(BYTE : PM-MODI- ON GOAL)

----------

## EVE PAR - ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે લોકસભા દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. બપોરે 12 વાગ્યે પ્રથમ મુલતવી પછી જ્યારે ગૃહની બેઠક મળી, ત્યારે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને ડીએમકેના સભ્યો સહિત વિપક્ષી સભ્યો ગૃહની મધ્યમાં ધસી આવ્યા અને સૂત્રોચ્ચાર કર્યા. સ્પીકરે તેમને કાર્યવાહીમાં ખલેલ ન પહોંચાડવા વિનંતી કરી. હોબાળા વચ્ચે, સંબંધિત મંત્રીઓએ તેમના મંત્રાલયના દસ્તાવેજો રજૂ

કર્યા. સ્પીકરે વારંવાર અપીલ કરવા છતાં, વિપક્ષે હોબાળો ચાલુ રાખ્યો. પરિણામે, ગૃહને દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું.

આજે ગૃહમાં કેન્દ્રીય બજેટ 2026-27 પર ચર્ચા થવાની હતી, પરંતુ હોબાળાને કારણે ચર્ચા અટકી ગઈ. અગાઉ, આજે ગૃહની બેઠક મળતાં જ, સ્પીકર ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિપક્ષી સભ્યો ગૃહની મધ્યમાં ધસી ગયા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. શ્રી બિરલાએ વિપક્ષી સભ્યોના વર્તન પર નારાજગી વ્યક્ત કરી અને તેમને ગૃહને સુચારૂ રીતે ચાલવા દેવાની અપીલ કરી.

(BYTE- OM BIRLA)

----------

## RS

રાજ્યસભા સામાન્ય કામકાજ ચલાવી રહી હતી અને પછી દિવસભર માટે મુલતવી રાખવામાં આવી હતી. જ્યારે ગૃહ દિવસભર માટે મળ્યુ, ત્યારે સભ્યોએ શૂન્ય કાળ દરમિયાન જાહેર મહત્વનો મુદ્દો ઉઠાવ્યો. ત્યારબાદ ગૃહમાં પ્રશ્નકાળ શરૂ થયો, જેમાં અશ્વિની વૈષ્ણવ અને શિવરાજ સિંહ ચૌહાણ સહિત અનેક મંત્રીઓએ પૂરક પ્રશ્નોના જવાબ આપ્યા.

બપોરના ભોજન પછી બપોરે 2:00 વાગ્યે ગૃહની બેઠક મળી, ત્યારે રાજ્યસભાએ ખાનગી સભ્ય કાયદાકીય કાર્ય શરૂ કર્યું, જેમાં વિવિધ રાજકીય પક્ષોના સભ્યોએ તેમના ખાનગી સભ્ય બિલ રજૂ કર્યા. બાદમાં,

રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશે ગૃહને દિવસભર માટે મુલતવી રાખ્યું. બંને ગૃહો સોમવારે સવારે 11:00 વાગ્યે ફરી મળશે.

----------

## EVE AMIT SHAH- JAMMU VISIT

કેન્દ્રીયગૃહમંત્રી અમિત શાહે આજે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં હીરાનગર ખાતે આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લીધી. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ ગૃહમંત્રીએ સરહદ સુરક્ષા દળના કર્મચારીઓ માટે કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી.

શ્રી શાહે હીરાનગર સેક્ટરમાં ગુરનામ અને બોબિયાનની સરહદી ચોકીઓની મુલાકાત લીધી અને ઘૂસણખોરીને રોકવા માટે BSF દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું.

**(Byte – AMIT SHAH)**

ગૃહમંત્રીએ બોબિયા બોર્ડર આઉટપોસ્ટથી બીએસએફ કર્મચારીઓ માટે છ કલ્યાણકારી યોજનાઓનું ઇ-ઉદઘાટન અને ઇ-શિલાન્યાસ પણ કર્યો અને આંતરરાષ્ટ્રીય સરહદ પર બીએસએફ અધિકારીઓ અને જવાનો સાથે વાતચીત કરી. ગૃહમંત્રીએ જમ્મુના લોકભવનમાં નિમણૂક પત્રોનું વિતરણ કર્યું અને શહીદોના પરિવારોને મળ્યા.

----------

## PMAYG-HOUSES

સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (PMAY-G) હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ત્રણ કરોડ 87 લાખથી વધુ ઘરો મંજૂર કર્યા છે. આજે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં, ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી ડૉ. ચંદર શેખર પેમ્માસાનીએ જણાવ્યું કે મંજૂર કરાયેલા ઘરોમાંથી, આ મહિનાની 2 તારીખ સુધીમાં બે કરોડ 95 લાખથી વધુ ઘરો પૂર્ણ થઈ ગયા છે.

તેમણે કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં બે કરોડ 10 લાખ 66 હજારથી વધુ ઘરો મંજૂર કરવામાં આવ્યા છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય માર્ચ 2029 સુધીમાં ચાર કરોડ 95 લાખ ઘરો બાંધવા માટે 1 એપ્રિલ, 2016 થી પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અમલમાં મૂકી રહ્યું છે.

----------

## TRANSPORT AND HIGHWAY - FASTag ANNUAL PASS

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે આજે માહિતી આપી હતી કે FASTag વાર્ષિક પાસ શરૂ થયાના છ મહિનામાં 50 લાખ વપરાશકર્તાઓને પારકરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

આ સિદ્ધિ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસ વે પર અનુકૂળ અને આર્થિક મુસાફરી વિકલ્પ પ્રદાન કરીને ખાનગી વાહન માલિકોમાં વાર્ષિક પાસની વધતી જતી સ્વીકૃતિને પ્રતિબિંબિત કરે છે. મંત્રાલયે જણાવ્યું હતું

કે રાષ્ટ્રીય ધોરીમાર્ગના લગભગ 28 ટકા વપરાશકર્તા વ્યવહારો હવે FASTag વાર્ષિક પાસ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# JAISHNAKAR- SRI LANKA

વિદેશ મંત્રીડૉ. એસ. જયશંકરે જનતા વિમુક્તિ પેરામુના પાર્ટીના મહાસચિવ તિલ્વિન સિલ્વા અને શ્રીલંકાના તેમના પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કરી.

તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે બંને દેશોએ વિકાસની તકો અને સામાજિક કલ્યાણ પહેલ પર ચર્ચા કરી. તેમણે કહ્યું આર્થિક કટોકટી

દરમિયાન અને ચક્રવાત દિત્વાહ પછી ભારત શ્રીલંકાની પડખે ઉભું રહ્યું છે અને ભારત હંમેશા શ્રીલંકા માટે સાચો અને વિશ્વસનીય ભાગીદાર રહેશે.

----------

## MEGHALAYA-BLAST

મેઘાલયમાં થાંગસ્કો કોલસા ખાણ વિસ્ફોટમાં આજે વધુ એક મૃતદેહ મળી આવતા મૃત્યુઆંક 19 પર પહોંચી ગયો છે.

રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ની એક ટીમે આજે સવારે વિસ્ફોટ સ્થળ પર બચાવ કામગીરી શરૂ કરી હતી, જે હજુ પણ ચાલુ છે. દરમિયાન, મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ બે મંત્રીઓ, લખમેન રિમ્બુઈ અને વૈલાદમિકી શિલાને જમીની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કામ સોંપ્યું છે. આઠ ઘાયલોમાંથી છ ને તબીબી સારવાર માટે શિલોંગ લઈ જવામાં આવ્યા છે, જ્યારે બેની સારવાર જયંતિયા હિલ્સમાં ચાલી રહી છે. શ્રી રિમ્બુઈએ જણાવ્યું હતું કે આ ઘટનાના સંદર્ભમાં અત્યાર સુધીમાં બે ધરપકડ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે જિલ્લા વહીવટીતંત્રે ખાણ અને તેના સાધનો જપ્ત કરી લીધા છે.

----------

## MARGHERITA - JAPAN

વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિટાએ આજે જાપાનના ગુન્મા પ્રીફેક્ચરના ગવર્નર ઇચિતા યામામોટો સાથે મુલાકાત કરી. શ્રી માર્ગેરિટાએ એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે રાજ્ય-પ્રાંતીય સહયોગ એ ભારત અને જાપાન વચ્ચેના "વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી"નો મુખ્ય આધારસ્તંભ છે.

તેમણે માહિતી આપી હતી કેગુન્મા પ્રીફેક્ચરના ગવર્નર જાપાની વ્યવસાયો અને બેંકોના પ્રતિનિધિમંડળ સાથે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. શ્રી માર્ગેરિટાએ ઉત્પાદન, ટેકનોલોજી, ગતિશીલતા, નાના અને મધ્યમઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને આગામી પેઢીના માળખાગત સુવિધાઓમાં સહયોગને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

----------

## MALHOTRA-BUDGET

માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાએ કેન્દ્રીય બજેટ 2026-27 ને વિશ્વાસ આધારિત, નાગરિક-કેન્દ્રિત અને પ્રગતિશીલ ગણાવ્યું છે. શ્રી મલ્હોત્રાએ જણાવ્યું કે આ વર્ષે બજેટનું કદ વધીને 53 લાખ કરોડરૂપિયા થયું છે, જે 2014-15 માં 18 લાખ કરોડરૂપિયા હતું.

તેમણે કહ્યું સરકારી પહેલથી બિન-કાર્યક્ષમ સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં મદદ મળી છે, જે 2014 પહેલા 14 ટકાથી વધીને હવે 2 ટકા થઈ ગઈ છે શ્રી મલ્હોત્રાએ જણાવ્યું હતું કે વ્યાપાર કરવાની

સરળતાને પ્રોત્સાહન આપવા માટેના સરકારી પગલાંને કારણે તાજેતરના વર્ષોમાં વિદેશી સીધા રોકાણમાં વધારો થયો છે.

----------

## FUR. REV. PAK-EXPLOSION

પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં આજે શહજાદ નગર વિસ્તારમાં આવેલા એક શિયા તરલાઈ ઇમામબારગાહમાં પર થયેલા આત્મઘાતી હુમલામાં 31 લોકો માર્યા ગયા અને 170 ઘાયલ થયા.પોલીસે જણાવ્યું કે આત્મઘાતી હુમલાખોરને ઇમામબારગાહના ગેટ પર રોકવામાં આવ્યો હતો પરંતુ તેણે પોતાનો હથિયાર વિસ્ફોટ કરી દીધો. પાકિસ્તાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના પ્રવક્તાને ટાંકીને સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો કે હોસ્પિટલમાં કટોકટી જાહેર કરવામાં આવી છે. ઘાયલોને સારવાર માટે પોલીક્લિનિકમાં ખસેડવામાં આવ્યા છે.

----------

## NEPAL-BUS ACCIDENT

પશ્ચિમ નેપાળમાં બસના અકસ્માતમાં તેર લોકોના મોત થયા હતા. તેમાંથી આઠ લોકોના ઘટનાસ્થળે અને પાંચ લોકોના  હોસ્પિટલમાં મોત થયા હતા. લગ્ન સમારોહમાં જતી બસ સુદુરપશ્ચિમ પ્રાંતના બૈતાડીના પુરચૈડી મ્યુનિસિપાલિટીથી બજહાંગ ગુરુવારે પુરચૈડી બડગાંવ મોડ ખાતે

અકસ્માતનો ભોગ બની હતી. બૈતાડી પોલીસ વડા દીપક કુમાર રોયે માહિતી આપી હતી કે અકસ્માતમાં ઘાયલ થયેલા ચોત્રીસ લોકોને દાદેલધુરા, ધનગઢી અને બજહાંગમાં સારવાર આપવામાં આવી રહી છે.

----------

## U19-CRICKET FINAL TARGET

ઝિમ્બાબ્વેના હરારેમાં રમાઈ રહેલા ICC અંડર-19 ક્રિકેટ વિશ્વ કપની ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા 412 રનનો લક્ષ્યાંક આપ્યો છે. પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 411 રન બનાવ્યા હતા. ભારતના વૈભવ સૂર્યવંશીએ અંડર-19 વિશ્વ કપના ઇતિહાસમાં બીજી સૌથી ઝડપી સદી નોંધાવી. 14 વર્ષના આ ખેલાડીએ માત્ર 55 બોલમાં આ સિદ્ધિ હાંસલ કરી.

છેલ્લા અહેવાલ પ્રમાણે 412 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ઇંગ્લેન્ડે 34 ઓવરમાં 7 વિકેટે 265 રન બનાવ્યા છે.

----------